ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૫ ટકા

# શહેરમાં શાકભાજીના ભાવ વધ્યા



ગાંધીનગર, તા.૬
અનલોક-૨નો હજી પાંચેક દિવસ થયા છે ત્યારે નગરનું કોરોના બાબતનું વાતાવરણ સહેજ હળવું થયું છે સાથે સાથે ધંધા રોજગાર પણ હવે ધીમે ધીમે માસ્ક, સેનેટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સ સાથે ટેવાઈ ગયા છે. પરંતુ હજુ ઘણા શહેરોમાં કોરોનાની પરિસ્થિતિ વિકટ છે ત્યારે નગરમાં પણ દરરોજ દસથી વધુ કેસ આવતા જ રહે છે. આ પરિસ્થિતિ વચ્ચે શહેરના શાકભાજીના બજાર હાલ ધમધમતા બન્યા છે. પરંતુ શાકભાજીને પણ હવે મોંઘવારી નડી રહી છે તેમ જણાઈ રહ્યું છે. પહેલા દરરોજ ૩૦ રૂપિયા સુધીમાં કિલો મળતું શાક આજે ૪૦ રૂપિયે પાંચસો ગ્રામ વેચાઈ રહ્યું છે. સિઝનલ શાક તો દૂર જે શાક આવે છે તેમાંથી અડધા શાક જ લેવા જેવા હોય છે.

શાકભાજીને આરોગવા એ હાલ જરૂરી બન્યા છે કારણ કે લોકડાઉન દરમિયાન શાકભાજીથી કોરોના થવાની વાતને વેગ મળતા શાકભાજી પ્રમાણમાં ઓછા મળતા હતા અથવા નગરજનો શાકભાજી ખરીદતા ડરતા હતા ત્યારે હવે શાકભાજી આરોગવા માટે દરેક તત્પર છે પરંતુ હાલ દરેક શાકભાજી પહેલાની જેમ એક ભાવે મળી રહ્યા નથી. શાકભાજીના ભાવમાં વધારો થયો છે. કારેલા, કોબી, ભીંડા, ગવાર, ફલાવર, દૂધી, પરવર, ટામેટા તમામનો ભાવ ૪૦ રૂપિયે પાંચસો ગ્રામ કે તેથી વધુ છે. સુરણ જે ચોમાસાની સિઝનમાં વધુ જોવા મળતું હોય છે પરંતુ સુરણ ભાગ્યે જ કયાંક જોવા મળે છે અને સુરણનો ભાવ ૮૦ થી ૧૦૦ રૂપિયે કિલો છે જે સામાન્ય નાગરિકને પોસાય તેમ નથી. શાકભાજીના આ વધતા ભાવ બાબતે એક વેપારીનેપૂછતા તેઓ જણાવે છે કે હાલ નગરની બહારથી શાકભાજી લાવવું મુશ્કેલ છે. અમદાવાદની માર્કેટમાંથી મોટાભાગનું શાક આવે છે. ઉપરાંત ગાંધીનગરના આજુબાજુના ગામડામાંથી અમે લાવતા હોઈએ છીએ પણ હાલ કોરોનાને કારણે બધે જવું મુશ્કેલ છે એટલે માર્કેટમાં નગરના નજીકના ગામમાંથી જે શાક મળે તેજ અમે લાવીને તેનું વેચાણ કરીએ છીએ. હમણાં જયાં સુધી કોરોનાની પરિસ્થિતિ થાળે ન પડે આમ જ રહેશે.

## આજથી ડભોડા શ્રી હનુમાન મંદિરના શ્રધ્ધાના દ્વાર ખુલશે



ચિલોડા, તા. ૬
ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલુ પવિત્ર યાત્રાધામ સુપ્રસિદ્ધ ગણાતુ શ્રધ્ધાનું ધામ ડભોડીયા શ્રી હનુમાનજી મંદિરે કોવિદ-૧૯ કોરોના વાયરસ તથા લોકડાઉન સમય દરમિયાન મંદિરના ધ્વાર પ્રજાહિતને ધ્યાનમાં લઈ દર્શનાર્થીઓ માટે બંધ કરવામાં આવ્યું હતું હવે લાંબા સમય બાદ ભાવિક ભક્તજનોની લાગણીને ધ્યાનમાં રાખી ગૃહ વિભાગના તા. ૩-૬-૨૦૨૦ના હુકમની ગાઈડલાઈન મુજબ દર્શનાર્થીઓને મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે.

મંદિરમાં દર્શનનો સમય રવિવારથી શુક્રવાર સવારે ૮ થી બપોરે ૧૨ વાગ્યા સુધી, સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી, શનિવારના દિવસે દર્શનનો સમય સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા સુધી, પાર્કિંગના એન્ટ્રીગેટ પરથી ફરજીયાત ટોકન લઈને મંદિરમાં દર્શન કરવા માટે પ્રવેશ મળશે. મંદિરમાં બંને આરતી સમયે કોઈપણ દર્શનાર્થીને પ્રવેશ આપવામાં આવશે નહિ. મંદિરમાં સુખડીનો પ્રસાદ, તેલ, સિંદુર, આંકડાની માળા, અગરબત્તી તેમજ બીજો કોઈપણ જાતનો પ્રસાદ ધરાવવામાં આવશે નહિ. ફક્ત કોવિડ-૧૯ના લક્ષણો ના ધરાવતી વ્યક્તિઓને જ મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે. દરેક દર્શનાર્થીએ માસ્ક ફરજીયાત પહેરવાનુ રહેશે. માસ્ક પહેર્યા વિના કોઈને પણ પ્રવેશ મળશે નહિ. દરેક દર્શનાર્થીએ બુટ, ચંપલ પોતાના વાહનમાં જ મુકવાના રહેશે. દર્શન કરતી વખતે ફરજીયાત સામાજિક અંતરનું પાલન કરવાનુ રહેશે. દર્શન કરતી વખતે પરિસરમાં કોઈપણ જગ્યાએ અડવુ નહિ, દર્શનાર્થીએ કોઈપણ જગ્યાએ થુંકવુ નહિ.

દરેક દર્શનાર્થીઓએ શાંતિપૂર્ણ મંદિરે દાદાના દર્શન કરવા સાથે સાથ સહકાર આપવા ગાઈડલાઈનનો ચુસ્તપણએ અમલ કરવા મંદિરના ટ્રસ્ટીમંડળના સભ્યો તથા ટ્રસ્ટી રાજુભાઈ ગજજરે એક નિવેદનમાં જણાવ્યું છે.

વિ.કેર ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા અષાઢી સુદ ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિવસે ઉવારસદ ખાતે રહેતા નિરાધાર ગંગાસ્વરૂપ (વિધવા) અને જરૂરિયાતમંદ ગરીબ પરીવારની બહેનોને કરિયાણાની કીટ જેવી કે લોટ, દાળ, ચોખા વગેરેની કીટની વહેંચણી કરી ગુરૂપૂર્ણિમાની ઉજવણી અલગ રીતે ઉજવવામાં આવી હતી. જેમાં વી.કેર ફાઉન્ડેશનના મેનેજીંગ ડિરેક્ટર રાજુભાઈ પટેલ તથા અન્ય મેમ્બરો ઉપસ્થિત રહ્યા હતા.





## પોલીસે 'ચા'ની કિટલીઓ બંધ કરાવતા રસિયાઓ કટિંગ ચા માટે ફાંફે ચઢયા...!!

### દુકાનદારો અને ખાનગી પેઢીના કર્મચારીઓ પણ ઓફિસમાં ચા વગર રહ્યા : ઝરમર વરસાદ સાથે ઠંડકના માહોલમાં ચા ના મળતાં ચા રસિયાઓ નિરાશ થયા

ગાંધીનગર, તા.૬
શહેરમાં આજે શિક્ષિત બેરોજગારોના આંદોલનના એલાનને પગલે સવારથી જ પોલીસ બંદોબસ્ત મોટા પ્રમાણમાં જોવા મળ્યો હતો. આ સાથે પોલીસે શહેરના ઘ રોડ અને ચ રોડની આસપાસના વિસ્તારમાં ચાની કિટલીઓ તથા પાનના ગલ્લા વગેરે પર ઘોંસ જમાવી હતી અને ચાની કિટલીઓ તો બંધ જ કરાવી દીધી હતી જેના કારણે સેકટર-૧૧ના કોમર્શિયલ વિસ્તાર સહિત અનેક વિસ્તારોમાં કાર્યરત દુકાનો, શો રૂમ, ઓફિસ વગેરેના સ્ટાફ સહિત આ વિસ્તારના મુલાકાતીઓને આખો દિવસ ચા વગર કાઢવો પડયો હતો. એમાં પણ આખો દિવસ વરસાદી માહોલના કારણે ઠંડકવાળો રહ્યો હોવાથી આ મૌસમમાં ચા મળી ના શકતા ઘણા નાગરિકો અકળાયા હતા.

આશ્ચર્યની વાત તો એ છે કે જુના સચિવાલય પાસેના મીના બજાર ખાતે પણ પોલીસે ચાની કિટલીઓ બંધ કરાવી દીધી હતી જેને કારણે મોટી સંખ્યામાં ચા રસિયા આજે શહેરમાં પોતાની ચાની તલબ પુરી કરી શકયા નહોતા જયારે કેટલાક ચાના રસિયા ચા પીવા માટે છેક ઘ-૬ સર્કલ અને સેકટર-૨૪ સુધી પણ લાંબા થયા હતા. શહેરના ઘ-૪ થી ઘ-૫ વિતાર તેમજ ૧૭/૨૨ વગેરે વિસ્તારમાં પણ ચાની કિટલીઓ બંધ રહેવાથી આ વિસ્તારની ઓફિસો, બેંકો તથા અન્ય દુકાનદારો સહિત જનતા ચા પીવા માટે આમ તેમ ચાની કિટલી શોધતી ફરતી હતી. ગાંધીનગરમાં ચા એક સર્વ સામાન્ય પીણું છે અને સરકારી કાર્યાલયોથી માંડીને ખાનગી કંપનીઓ તથા નાના લારી ગલ્લાવાળા સુધ્ધાં તમામ એકમોમાં ચા પીનારાની સંખ્યા વધુ રહેતી હોય છે. ચાની કિટલી

### ચાની કિટલીએ આંદોલનકારીઓ ગ્રાહકના સ્વાંગમાં એકઠાં થવાની ભીતિ હતી

આજના આંદોલનકર્તાઓમાં મોટાભાગના યુવાનો જોડાવાના હોવાથી પોલીસે એવો અંદાજ બાંધ્યો હતો કે તેઓ વિવિધ વિસ્તારમાંથી આવીને ચાની કિટલીઓ પર એકઠાં થશે અને પોલીસની આંખોમાં ધૂળ નાંખવા ચા પીવાના રસિયા હોય તેમ ગ્રાહક બનીને બેસી પોલીસની નજરથી બચવા પ્રયાસ કરશે તથી આ પોલીસે આ વખતે ચાની કિટલીઓ પર સૌથી વધુ ઘોંસ જમાવી હતી. આમ પણ બહારગામથી આવતા આંદોલનકારીઓ મોટે ભાગે પહેલા ચા-નાસ્તો કરવાનું અને અન્ય સાથીઓની રાહ જોવા માટે ચાની કિટલીએ સમય પસાર કરવાનું પસંદ કરતા હોય છે.

શહેરના સેકટર-૧૧માં સુમનટાવર વિસ્તારમાં મોટી સંખ્યામાં કોમર્શિયલ કોમ્પ્લેક્ષ આવેલા છે. તેના ખાનગી વ્યવસાયિકોના સ્ટાફની ચા જે તે નિયત ચાની કિટલી પરથી આવતી હોય છે. આ વિસ્તારમાં સવારથી જ તમામ ચાની કિટલીઓને પોલીસે સદંતર બંધ કરાવી દેવાતા આ વિસ્તારના દુકાનો તથા ઓફિસો કે શો રૂમના સેવક કર્મચારીઓ ચા શોધવા ફાંફે ચઢયા હતા. આવી જ સ્થિતિ સત્યાગ્રહ છાવણી નજીકના અપના બજાર તથા તેની આસપાસ નવા વિકસેલા કોમર્શિયલ કોમ્પ્લેક્ષમાં પણ આજ હાલત જોવા મળી હતી.

પર અડધી ચા પીતા પીતા અનેક મોટા સોદા કે સેલ્સ કરનારા માર્કેટીંગવાળાની સેલ્સ ડીલ પાકી થઈ જતી હોય છે તો એક કપ ચામાં સરકારી કાર્યાલયોમાં 'કામ' કઢાવવાનું આસાન બની જતું પણ કયારેક જોવા મળે છે. ચા પીવડાવીને સંબંધ બનાવવાનો શિરસ્તો સરેઆમ જોવા મળે છે પરંતુ આજે શહેરમાં 'ચા' ગાયબ થઈ જતા ચા રસિયાઓની તલબ સાથે અનેકના નાના મોટા કામ પણ જાણે અટકી પડયાં હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી. ઝરમર ઝરમર વરસાદના ઠંડક ભર્યા વાતાવરણમાં શહેરીજનોને ચાની ખોટ ખૂબ સાલી હતી.

## ચિલોડા બ્રીજ નીચેથી આઈ-૨૦ કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૬
ચિલોડા પોલીસે ચાર શખ્સોને આઈ-૨૦ કારમાં વિદેશી દારૂ સાથે ઝડપી પાડ્યા છે. ચિલોડા પોલીસે દારૂ-બિયર, મોબાઈલ અને કાર સહિત કુલ રૂ. ૨.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ચિલોડા પોલીસનો સ્ટાફ ચંદ્રાલા પાસે વાહન ચેકીંગમાં હતો તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી આઈ-૨૦ કાર નં. જી.જે.૨૭.એ.એ.-૩૫૩૫ ને પોલીસે રોકવા માટે ઈશારો કર્યો હતો. પોલીસને જોઈને ચાલકે કાર દોડાવી મુકતા પોલીસે તેનો પીછો કરી ચિલોડા બ્રિજ પાસે કારને પકડી પાડી હતી. પોલીસે કારમાં તપાસ કરતા વિદેશી દારૂની ૪૫ બોટલ તેમજ ૧૫ બોટલ બિયરની મળી આવી હતી. જેથી પોલીસે ધર્મેન્દ્રસિંહ દશરથસિંહ રાઠોડ (ઉં.૪૪, આદેશ્વર નગર સોસાયટી નરોડા), રમેશભાઈ પુંજાભાઈ સોઢા (નરોડા ગામ), અલ્પેશકુમાર ભીખાભાઈ પરમાર (રાણીપ) તેમજ કૌશિક કાંતિભાઈ પરમાર (ચાંદખેડા)ની ધરપકડ કરી હતી. આરોપી ધર્મેન્દ્રસિંહ રાઠોડ એસઆરપીએફ ગ્રુપ-૫ ગોધરા ખાતે આર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. તે છેલ્લા આઠ માસથી સસ્પેન્શન પર છે. દારૂના જથ્થો ક્યાંથી લાવ્યા તે અંગે પોલીસે પુછપરછ કરતા પાલ ચિતરીયા ખાતે રહેતા પ્રભાત વેલા નામના ઈસમ પાસેથી લાવ્યા હોવાનું જણાવ્યું હતું. ચિલોડા પોલીસે રૂ. ૨૭,૮૮૦ની કિંમતનો દારૂ, રૂ. ૨ લાખની કાર, રોકડ મળી કુલ રૂ. ૨.૨૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી ધોરણસરની તપાસ હાથ ધરી છે.

## રૂપાલના યુવક પર ચાર શખ્સોનો હુમલો

ગાંધીનગર, તા.૬
ગાંધીનગર નજીક આવેલા રૂપાલ ગામે યુવક પર હુમલાની ઘટના પ્રકાશમાં આવી છે. રૂપાલ ગામમાં જગાભાા માઢ ખાતે રહેતા રમેશજી ડાહ્યાજી ઠાકોર (ઉં.૩૦)ના ઘરે ગત તા.૪ જુલાઈના રોજ પીંપળજ ગામના તેમના મિત્ર દિનેશજી પુનાજી ઠાકોર આવ્યા હતા. રાત્રે ૧૦ વાગે તે ઘરે જવા નીકળ્યા હતા ત્યારબાદ સવારે ૫ વાગે દિનેશજીના પિતા, માતા અને બહેન ફરીયાદી રમેશજીના ઘરે આવ્યા હતા. તેઓએ કહ્યું હતું કે દિનેશજી રાત્રે રૂપાલ નારદીપુર માર્ગ પર નરસિંહભાઈ હરસનભાઈ ઠાકોરના ઘરે ગયા હતા જેને લેવા જવાનું છે. ફરીયાદી તેઓ સાથે ત્યાં પહોચ્યા ત્યારે દિનેશજીના શરીરે ઈજાઓ થઈ હતી. જેથી ફરીયાદીએ નરસિંહભાઈને આ અંગે પુછતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને અપશબ્દો બોલી ઘરમાંથી ધોકા લાવી ફરીયાદી પર હુમલો કર્યો હતો. જેનુ ઉપરાણું લઈને કેશાજી રામાજી ઠાકોરે ફરીયાદીને સાથળના ભાગે કોદાળી મારી હતી. જયારે અમરતજી હરસનજી ઠાકોર તેમજ દિનેશજી હરસનજી ઠાકોરે ફરીયાદીને ગડદાપાટુનો માર માર્યો હતો. જેને પગલે તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયાં ચારેય શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સ્મિત મ્યુઝિકની ગુરૂપૂર્ણિમા સંગીત સભા યોજાઈ




ગુરૂપૂર્ણિમાના પાવન પર્વના અવસરે શહેરના 'સ્મિત મ્યુઝિક' દ્વારા તેમના શાગીર્દો માટે ગુરૂપૂર્ણિમા સંગીતસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને સોશિયલ ડિસ્ટન્સ વગેરેનું પાલન કરવામાં આવ્યું હતું. આ સંગીતસભામાં ભરત ગજજરના તબલા તથા ચિરાગ સોનીના કી બોર્ડની સંગતમાં સુંદર ગીતોની જમાવટ થવા પામી હતી. આ સાથે સંગીત સભામાં ગુરૂચરણોની સ્તુતિથી પ્રારંભ કરાયો હતો અને અંતમાં કરાઓકે સિંગિંગ પણ રાખવામાં આવ્યું હતું.

## ખોરજ પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૬
અમદાવાદ ન્યુ રાણીપ ખાતે રહેતા ભરતકુમાર અમૃતલાલ પટેલ કલોલની પ્રાઈવેટ કંપનીમાં ફરજ બજાવે છે. ગત તા.૨ જુલાઈના રોજ તેઓ પોતાનું બાઈક જી.જે.૦૧.એલ.ઈ-૯૮૭૬ વૈષ્ણોદેવી પાસે આવ્યા હતા. હોટલ મઢુલી પાસે બાઈક મુકીને સવારે ૯ વાગે તેઓ સ્ટાફ બસમાં નોકરી ગયા હતા. જયારે નોકરીથી પરત ફરીને સાંજે ૬ વાગે આવીને જોયું તો બાઈક સ્થળ પર ન હતું. તેઓએ પોતાની રીતે શોધખોળ કર્યા બાદ બાઈક ન મળી આવતા આખરે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## જિલ્લામાં અત્યાર સુધી માસ્ક ન પહેરનાર વ્યક્તિઓ પાસેથી અડધા કરોડથી વધુનો દંડ વસૂલ કરાયો

ગાંધીનગર, તા.૬
ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય અને મહાનગરપાલિકા વિસ્તારમાં અત્યારસુધી માસ્ક ન પહેરી જાહેરનામાનો ભંગ કરનાર ૨૫,૭૪૧ વ્યક્તિઓ પાસેથી અડધા કરોડથી વધુનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. તેમજ આજે તા.૬ જુલાઈના રોજ ૧,૪૬૪ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૨,૯૩,૪૭૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. તેવું જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય અને મહાનગરપાલિકા વિસ્તારમાં જિલ્લા પોલીસ તંત્ર દ્વારા અત્યાર સુધી ૨૨,૧૯૩ વ્યક્તિઓને પકડી પાડયા છે. જેમની પાસેથી રૂપિયા ૪૪,૩૮,૬૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. તેમજ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ પાલિકા વિસ્તારમાંથી ૪૯૮ વ્યક્તિઓને માસ્ક પહેર્યા વગરના પકડી પાડીને રૂપિયા ૧,૨૩,૦૫૦/- નો દંડ વસૂલ કર્યો છે. તેમજ ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં અત્યાર સુધી ગાંધીનગરમાં ૨૮૬ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૮૧,૨૯૦/-, માણસા તાલુકામાં ૧૨૬ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૩૬,૭૮૦/-, દહેગામમાં ૨૫૩ વ્યક્તિઓ પાસેથી ૭૩,૫૩૦/- અને કલોલમાં ૩૭૩ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૭૪,૬૦૦/- નો માસ્ક ન પહેરવા બદલ દંડ વસૂલ કરવામાં આવ્યો છે. તેમજ ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકા દ્વારા ૩૮૦ વ્યક્તિઓ પાસેથી ૭૪,૩૫૦/, કલોલ નગરપાલિકા દ્વારા ૧૨૬૧ વ્યક્તિઓ પાસેથી ૨,૫૨,૨૦૦/- અને દહેગામ નગરપાલિકા દ્વારા ૩૭૧ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૭૪,૨૦૦/- નો દંડ માસ્ક ન પહેરી જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિ પાસેથી વસૂલ કર્યો છે.

આજના દિવસમાં જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ૧૨૫૭ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૨,૫૧,૪૦૦/-, ગાંધીનગર મહાનગરપાલિકાએ ૫૦ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૧૦,૦૦૦/-, ગાંધીનગર તાલુકામાં ૬ વ્યક્તિઓ પાસેથી રૂપિયા રૂપિયા ૧૨૩૦/-, માણસા તાલુકામાં ૨૬ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૫૪૬૦/-, દહેગામ તાલુકામાં ૩૮ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૭,૯૮૦/-, કલોલ તાલુકામાં ૫૨ વ્યક્તિઆ પાસેથી રૂપિયા ૧૦,૪૦૦/-, માણસા નગરપાલિકા વિસ્તારમાં ૩ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૬૦૦/-, કલોલ નગરપાલિકા વિસ્તારમાં ૧૮ વ્યક્તિઓ પાસેથી રૂપિયા રૂપિયા ૩૬૦૦/- અને દહેગામ નગરપાલિકા વિસ્તારમાંથી ૧૪ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૨૮૦૦/- નો દંડ માસ્ક ન પહેરી જાહેરનામાનો ભંગ કરવા બદલ વસૂલ કર્યા છે.

## આઈઆઈટીઈના વિવિધ કોર્સની કુલ ૩૩૮૪ બેઠકો પર પ્રવેશ માટે ૧૦૧૨૮ ફોર્મ્સ ભરાયા

ગાંધીનગર, તા.૬
ગાંધીનગરના સેકટર-૧૫ ખાતે સ્થિત ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન દ્વારા અભ્યાસ વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઈન એપ્લિકેશન કરવાની અવધિ ૬ જુલાઈના રોજ પૂર્ણ થઈ છે.

આઈઆઈટીઈના સેન્ટર ઓફ એજયુકેશન તથા યુનિવર્સિટી સાથે સંલગ્ન રાજયની બી.એડ. કોલેજોમાં ચાલતા વિવિધ સ્નાતક, અનુસ્નાતક અને રીસર્ચના કાર્યક્રમોમાં ઉપલબ્ધ કુલ ૩૩૮૪ બેઠકો પર પ્રવેશ મેળવવા માટે લગભગ ત્રણ ગણી ૧૦૧૨૮ ઓનલાઈન એપ્લિકેશન મળી છે.

આઈઆઈટીઈ સાથે સંલગ્ન રાજયની તમામ સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ બી.એડ. કોલેજોમાં ચાલતા બે વર્ષના બી.એડ. અભ્યાસક્રમની કુલ ૨૯૫૦ બેઠકો માટે કુલ ૭૮૭૯ ફોર્મ્સ મળ્યા છે.

આઈઆઈટીઈના સેન્ટર ઓફ એજયુકેશન દ્વારા બીએસસી-બીએડ તથા બીએ-બીએડના પ્રત્યેક ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમમાં ઉપલબ્ધ ૧૦૦ અને ૧૦૦ બેઠકો માટે અનુક્રમે ૧૧૬૩ અને ૪૫૦ ફોર્મ્સ મળ્યા છે. આ ઉપરાંત ત્રણ વર્ષના ઈન્ટિગ્રેટેડ ઈનોવેટિવ એમ.એસ.સી./એમ.એ. એમ.એડ.ના અભ્યાસક્રમ માટે ઉપલબ્ધ ૫૦ બેઠકો માટે ૧૪૦ ફોર્મ્સ મળ્યા છે. આ વિવિધ ઈન્ટિગ્રેટેડ કોર્સમાં પ્રવેશ મેળવીને વિદ્યાર્થીઓ બે ડિગ્રી મેળવી શકે છે અને તેમનું એક મહત્વપૂર્ણ વર્ષ બચાવી શકે છે.

આ ઉપરાંત બે વર્ષના એમ.એડ. અભ્યાસક્રમ માટે ઉપલબ્ધ કુલ ૧૦૦ બેઠકો માટે ૧૪૫ ફોર્મ્સ મળ્યા છે. શિક્ષણ વિદ્યાશાખામાં સંશોધનાત્મક કાર્યક્રમો એમ.ફિલ. માટે ૧૭ તથા પીએચડીની ઉપલબ્ધ ૧૪ બેઠકો માટે ૧૯૯ ફોર્મ્સ ભરવામાં આવ્યા છે.

આ વિશે આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું, 'આઈઆઈટીઈ ખાતે ચાલતા વિવિધ ઈન્ટિગ્રેટેડ કોર્સિસ અને તાજેતરમાં જ આઈઆઈટીઈ સાથે જોડાયેલી રાજય સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજોમાં ચાલતા બીએડ કોર્સમાં કુલ મળીને બેઠકોની સંખ્યાની સાપેક્ષે જે પ્રકારે વિદ્યાર્થીઓએ લગભગ ત્રણ ગણી સંખ્યામાં ફોર્મ ભર્યા છે તે દર્શાવે છે કે ધો-૧૨ પછી શિક્ષક બનવા માટે વિદ્યાર્થીઓએ ઈન્ટિગ્રેટેડ કોર્સની પસંદગી કરી છે જેમાં ચાર વર્ષમાં તેમને બે બેચલર ડિગ્રી મળશે.'

### આજના હિંડોળા

- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સુરંગના હિંડોળા યોજાશે.
- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે રંગબેરંગી ફુલોની શોભા.

### ચિરવિદાય

- સ્વ. ઈલાબેન સંજયભાઈ પટેલ, ઉ.વ. ૫૨, મુ. દહેગામ
- સ્વ. બારોટ ભાવનાબેન હસમુખભાઈ, ઉ.વ. ૫૩, મુ. રૂપાલ
- સ્વ. રાજેન્દ્ર ગુપ્તા ડા. મિશ્રીલાલજી ગુપ્તા, ઉ.વ. ૫૮, રાજપુર, M.P.
- સ્વ. વિરાજબા ગંભિરસિંહ જાડેજા, ઉ.વ. ૮૨, સેકટર-૨૨
- સ્વ. વાઘેલા દિવાબેન ગાંડાભાઈ, ઉ.વ. ૭૩, કલોલ
- સ્વ. દિનેશભાઈ વિઠ્ઠલભાઈ હિંગુલ, ઉ.વ. ૭૦, મુ. કલોલ
- સ્વ. પ્રજાપતિ વિષ્ણુભાઈ ગણેશભાઈ, ઉ.વ. ૫૯, મુ. સોનીપુર, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર શારદાબેન રમતાજી, ઉ.વ. ૬૫, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. બારોટ વાસુદેવ પ્રહલાદજી, ઉ.વ. ૮૪, સેકટર-૨૮